# Prime Minister participates at the online Summit of NAM Contact Group

May 04, 2020

# વડાપ્રધાન બિન જોડાણવાદી ચળવળ (NAM) સંપર્ક જૂથનાં ઓનલાઇન શિખર સંમેલનમાં ભાગ લે છે

મે 04, 2020

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પ્રવર્તમાન કોવિડ-19 મહામારીની કટોકટી સામે પ્રતિભાવની ચર્ચા કરવા 4 મે, 2020 ની સાંજે યોજાયેલી બિન જોડાણવાદી ચળવણ (NAM) સંપર્ક જૂથનાં ઓનલાઇન શિખર સંમેલનમાં ભાગ લીધો હતો.

"કોવિડ-19 સામે એકતા" વિષય પરનું ઓનલાઇન NAM સંપર્ક જૂથનું શિખર સંમેલન NAM નાં વર્તમાન અધ્યક્ષ, અઝરબૈઝાન ગણરાજ્યનાં રાષ્ટ્રપતિ મહામહિમ ઇલ્હામ અલિયેવ દ્વારા યોજવામાં આવ્યું હતું. આ શિખર સંમેલનનો ધ્યેય કોવિડ-19 મહામારી સામેની લડાઈમાં આંતરરાષ્ટ્રિય એકતાનો પ્રચાર કરવાનો અને આ મહામારીને સંબોધવા રાજ્યો અને આંતરરાષ્ટ્રિય સંસ્થાઓનાં પ્રયાસો કાર્યરત કરવાનો હતો. આ ઇવેન્ટ શાંતિ માટે બહુઆયામવાદ અના મુત્સદ્દીનાં આંતરરાષ્ટ્રિય દિવસને પણ યાદ કરે છે.

વડાપ્રધાન મોદીની સહભાગીતા NAM નાં અગ્રીમ સ્થાપક-સભ્ય તરીકે તેનાં સિદ્ધાંતો અને મૂલ્યો તરફ ભારતની દિર્ઘકાલિન પ્રતિબદ્ધતાને રેખાંકિત કરે છે. તેની દરમિયાનગીરીમાં, વડાપ્રધાને સંભવિત સીમામાં આ ચળવળમાં એકતા સાથે સહાયતા પ્રદાન કરવાની ભારતની તૈયારીની પુનઃપુષ્ટિ કરતા ભારતે સ્થાનિક રીતે અને આંતરરાષ્ટ્રીય રીતે લીધેલા પગલાઓને રેખાંકિત કરવા સાથે વિશ્વ દ્વારા આ કટોકટીમાં સંકલિત, સમાવેશક અને ન્યાયસંગત પ્રતિભાવની અગત્યતા પર ભાર મૂક્યો હતો. વડાપ્રધાને ખાસ કરીને આતંકવાદ અને ખોટા સમાચાર જેવા અન્ય વાઇરસો સામે વિશ્વ દ્વારા સાતત્યપૂર્ણ પ્રયાસ કરવામાં આવે તેની અગત્યતા પર પણ ભાર મૂક્યો હતો.

વડાપ્રધાન સાથે એશિયા, આફ્રિકા, લેટિન અમેરિકા અને કેરેબીયન, તથા યુરોપમાં સભ્ય રાજ્યોમાંથી સહિત 30 અન્ય રાજ્યોનાં અને સરકારનાં વડાઓ તથા અન્ય આગેવાનો જોડાયા હતા. આ શિખર સંમેલનમાં સંયુક્ત રાષ્ટ્ર સામાન્ય સભાનાં અધ્યક્ષ પ્રોફેસર તિજ્જાની મુહામેદ બાંદે, સંયુક્ત રાષ્ટ્રનાં મહા સચિવ શ્રી એન્ટોનિયો ગ્યુટેરેડ, આફ્રિકન યુનિયનાં અધ્યક્ષ મુસા ફાકી માહામત, યુરોપિયન યુનિયનનાં ઉચ્ચ પ્રતિનિધિ જોસેપ બોરેલ તથા વિશ્વ આરોગ્ય સંસ્થાનાં મહા નિર્દેશક ડૉ. ટેડ્રોસ ગેબ્રેયેસુસ દ્વારા પણ સંબોધનો કરવામાં આવ્યા હતા.

એકંદરે, NAM આગેવાનોએ કોવિડ-19 ની અસરની આકારણી કરી હતી, સંભવિત ઈલાજો માટેની જરૂરીયાતો અને આવશ્યકતાઓની ઓળખ કરી હતી અને કાર્ય-લક્ષી અનુસરણ માપનોની હાકલ કરી હતી. આ શિખર સંમેલન બાદ, આગેવાનોએ કોવિડ-19 સામેની લડાઈમાં આંતરરાષ્ટ્રિય એકતાની અગત્યતા રેખાંકિત કરતી ઘોષણા સ્વિકારી હતી. આગેવાનોએ કોવિડ-19 સામેની લડાઈમાં સભ્ય રાજ્યોની મૂળભૂત તબીબી, સામાજિક અને માનવીય જરૂરીયાતો પ્રતિબિંબિત કરતા સામાન્ય ડેટાબેઝની સ્થાપના મારફત તેઓની જરૂરીયાતો અને આવશ્યકતાઓની ઓળખ કરવા 'ટાસ્ક ફોર્સ' નું નિર્માણ કરવાની પણ જાહેરાત કરી હતી.

**નવી દિલ્હી**
**મે 4, 2020**

DISCLAIMER: This is an approximate translation. The original is available in English on MEA's website and may be referred to as the official press release.